# કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસોના વિદ્યાર્થીઓની મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત

બી.એસસી(એગ્રી) સાતમાં સેમીસ્ટરના કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસોના ૬૦ વિદ્યાર્થીઓએ સ્ટુંડન્ટ રૂરલ એન્ટરપ્રિનરશીપ અવરનેશ ડેવલપમેન્ટ યોજના અંતર્ગત તા.૩૦/૧૨/૨૦૨૩ ના રોજ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની મુલાકાતે આવેલ. આ અન્વયે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી) દ્વારા સર્વે વિદ્યાર્થીઓને રોજીંદા આહારમાં શાકભાજી પાકોનો મહત્વ તથા કેન્દ્ર ખાતે ચાલતી જુદા જુદા શાકભાજી પાકોના સંશોધન અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી. ડૉ. મિહિર એમ. પંડયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ધ્વારા રીંગણના પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, રીંગણના પાકમાં જોવા મળતા અગત્યના રોગ જીવાતો તથા કેન્દ્ર ખાતેથી બહાર પાડવામાં આવેલ શાકભાજીની સંશોધિત જાતો વિશે સંપૂર્ણ માહિતગાર કરવામાં આવેલ.



